Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-18, Issue-3, December-2024
www.researchguru.net

# બૌદ્ધ સંસ્કૃત સાહિત્ય

-ડૉ. સેજલ દવે

બૌદ્ધધર્મમાં પાલિ સાહિત્ય માત્ર સ્થવિરવાદની પરંપરામાં ઉપલબ્ધ છે પરંતુ ઉત્તરકાલીન પ્રાયઃ સર્વ બૌદ્ધ સંપ્રદાયોમાં સંસ્કૃત ભાષાનો ઉપયોગ થયો છે. ગૌતમ બુદ્ધે ભિક્ષુઓને પોતાની ભાષાઓમાં ઉપદેશ આપવા માટે જણાવ્યું હતું પણ બુદ્ધવચનને વૈદિક ભાષામાં પરિવર્તિત કરવાનો નિષેધ કર્યો હતો. પરંતુ બૌદ્ધધર્મ અનેક સંપ્રદાયોમાં વિભક્ત થતા સંસ્કૃત ભાષાનું પ્રાધાન્ય વધતું ગયું અને હીનયાન ખાસ કરીને સર્વાસ્તિવાદના કેટલાક ગ્રંથો સંસ્કૃતમાં રચાયા. મહાયાની બૌદ્ધ સાહિત્ય તો પ્રાયઃ સંસ્કૃતમાં જ છે. આ સંસ્કૃત સાહિત્યમાં મુખ્યત્વે બે પ્રકારના ગ્રંથો મળે છે :

૧. ગૌતમ બુદ્ધના જીવનચરિત્ર વિષયક અને ૨. સૈદ્ધાંતિક શાસ્ત્રગ્રંથો

આ ગ્રંથોની સંસ્કૃત ભાષાનું સ્વરૂપ શુદ્ધ સંસ્કૃત નથી પણ આચાર્ય નરેન્દ્રદેવ જણાવે છે તે પ્રમાણે 'સંકરસંસ્કૃત' છે. કોઈ તેને ગાથા સંસ્કૃત કહે છે, કોઈ મિશ્ર સંસ્કૃત અથવા તો બૌદ્ધ સંસ્કૃત પણ કહે છે. વિધાનોમાં આ ભાષા શુદ્ધ સંસ્કૃત હોવા વિશે અનેક મતભેદ છે, પરંતુ તેના પર સંસ્કૃત ભાષાનો પ્રભાવ આવશ્યક છે.

હીનયાન પરંપરામાં સવાસ્તિવાદના ગ્રંથો પ્રાયઃ સંસ્કૃતમાં રચાવાનું શરૂ કર્યું. કાત્યાયનીપુત્ર ચરિત્ર 'જ્ઞાનપ્રસ્થાનશાસ્ત્ર' સંભવતઃ બૌદ્ધ સંસ્કૃત સાહિત્યનો આદ્ય ગ્રંથ મનાય છે. કનિષ્ક રાજાના સમયમાં વસુમિત્રની અધ્યક્ષતામાં થયેલી પંચશતિકા સંગીતિમાં વિભાષા' નામની ટીકા રચી. તેના અનુયાયીઓ વૈભાષિક કહેવાયા. વસુમિત્રએ ત્યારબાદ 'અભિધર્મકોશ'ની પણ રચના કરી અને અન્ય આચાર્યોએ સંયુક્તરૂપે 'મહાવિભાષા' ગ્રંથ તૈયાર કર્યો. આ સર્વ ગ્રંથોની રચના સંસ્કૃત ભાષામાં થઈ. તે ઉપરાંત ધર્મત્રાતનો ઉદાનવર્ગ, ઘોષકનો અભિધર્મામૃત, વસુમિત્રનો પ્રકરણવાદ અને ધર્મશ્રીનો અભિધર્મસાર સર્વાસ્તિવાદના પ્રાચીન ગ્રંથ હોવાનું કહેવાય છે.

અભિધર્મ વિશે રચાયેલા નીચેના ગ્રંથોને ષટ્પાદશાસ્ત્ર પણ કહેવામાં આવે છે :

૧. સારિપુત્રવિરચિત અભિધર્મસંગીતિ પર્યાય પાદશાસ્ત્ર,

૨. મોદગલ્યાયન વિરચિત અભિધર્મસ્કંધ પાદશાસ્ત્ર,

૩. સ્થવિર દેશશર્મારચિત અભિધર્મ વિજ્ઞાનકાય પાદશાસ્ત્ર,

૪. કાત્યાયની પુત્રનું અભિધર્મ પ્રજ્ઞાપ્તિ પાદશાસ્ત્ર,

૫. વસુમિત્ર રચિત અભિધર્મધાતુકાય પાદશાસ્ત્ર અને

૬. વસુમિત્રરચિત અભિધર્મ – પ્રકરણ – પાદશાસ્ત્ર

સર્વાસ્તિવાદમાં અભિધર્મનું ઘણું મહત્ત્વ હતું. સુત્તપિટકના નિકાય શબ્દને સ્થાને સર્વાસ્તિવાદીઓએ આગમ શબ્દનો પણ ઉપયોગ કર્યો છે. તેમણે થેરવાદી પિટકો કેટલાંક પરિવર્તનો સાથે સંસ્કૃતમાં અનુદિત કર્યા હતાં.

**महावस्तु** :

સંસ્કૃત ભાષામાં રચાયેલા, હીનયાનના અને ખાસ કરીને લોકોત્તરવાદી મહાસંઘિકોના આ વિનયગ્રંથનું ઘણું માહાત્મ્ય છે. બુદ્ધનું જીવનચરિત્ર તેનો મુખ્ય વિષય છે. મહાવસ્તુના પ્રારંભમાં જ ચાર બોધિસત્ત્વચર્યાઓનું વર્ણન છે. પ્રકૃતિચર્યા, પ્રણિધાનચર્યા, અનુલોમચર્યા અને અનિવર્તનચર્યા. આ ચાર ચર્યાઓની પૂર્તિથી બોધિસત્ત્વ બુદ્ધત્વની પ્રાપ્તિ કરે છે. આ ગ્રંથમાં ભગવાન બુદ્ધ લોકોત્તર હોવાનું બતાવ્યું છે. હીનયાનની મહાયાન પ્રત્યેની સંક્રમણાવસ્થાની સાથે આ ગ્રંથમાં બોધિસત્ત્વની દશભૂમિઓનું પણ સૌપ્રથમ વર્ણન મળે છે. ગૌતમ બુદ્ધનું જીવનચરિત્ર જ તેના મુખ્ય વિષય હોવાથી તેને મહાવસ્તુ-અવદાન પણ કહે છે. ત્રિપિટકના વિષયવસ્તુ અને કથાપ્રસંગોની તેના પર વ્યાપક અસર છે. જો કે આ ગ્રંથના રચનાસમય વિશે કોઈ ચોક્કસ નિર્ણય લેવાયો નથી.

• લલિતવિસ્તર :

મહાયાનના વૈપુલ્યસૂત્રોમાં આ ગ્રંથને ઘણો પવિત્ર માનવામાં આવે છે. તેમાં બુદ્ધચરિત્રનું વર્ણન છે. પૃથ્વી ઉપર ભગવાન બુદ્ધે જે લીલા કરી તેનું વર્ણન હોવાથી તે 'લલિતવિસ્તર'૪૫ કહેવાય છે, તેને 'મહાવ્યુહ' પણ કહેવામાં આવે છે. ગૌતમ બુદ્ધો તુષિત દેવલોકમાં નિવાસ, ગર્ભાવક્રાન્તિ, જન્મ, બાલચર્યા, સર્વમારમણ્ડલવિધ્વંસન – વગેરે વિષયોનું આ ગ્રંથમાં વિવરણ છે. બુદ્ધના જીવનની ચાર મુખ્ય ઘટનાઓ – ચાર પૂર્વનિમિત્ત – જેનાથી બુદ્ધે જરા, વ્યાધિ, મૃત્યુ અને પ્રવજ્યા વિશેનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. અભિનિષ્ક્રમણ,બિંબિસારોપક્રમણ, દુષ્કરચર્યા, મારધર્ષણ, અભિસંબોધન અને ધર્મદેશના – તે સર્વનું અહીં વિસ્તારથી વર્ણન છે. ગ્રંથ મુખ્યત્વે ગદ્યમાં છે. વચ્ચે વચ્ચે તેમાં ગાથાઓ અને કયારેક ગ્રામ્યગીતો પણ આવે છે. કેટલાંક સુંદર વર્ણનો, ઉપમાદિ અલંકારો અને પ્રામાણિક શૈલીને કારણે તે સાહિત્યિક દ્રષ્ટિએ પણ મહત્ત્વનો ગ્રંથ છે.

• બુદ્ધચરિત, સૌન્દરનન્દ અને શારિપુત્ર પ્રકરણ :

મહાકવિ અશ્વઘોષના સંસ્કૃત ભાષામાં રચાયેલા આ ત્રણ ગ્રંથો પણ બૌદ્ધધર્મના મહત્ત્વના ગ્રંથો છે. ૪૬ કનિષ્કના લગભગ સમકાલીન એવા કવિ અશ્વઘોષે બુદ્ધના જીવનચરિત્રનું વર્ણન કરતાં કાવ્યગ્રંથ "બુદ્ધચિરત"ની રચના કરી છે. તેના ૨૨ સર્ગ છે. પરંતુ અશ્વઘોષે રચેલા સમગ્ર કાવ્યના બધા સર્ગો ઉપલબ્ધ થતા નથી. તેમાં મુખ્યત્વે બુદ્ધકથા તેમના જન્મથી આરંભીને સંવેગોત્પત્તિ, અભિનિષ્ક્રમણ, મારવિજય, સંબોધિ, ધર્મચક્રપ્રવર્તન, પરિનિર્વાણ વગેરે પ્રસંગોના વર્ણન સાથે

પ્રથમ ધર્મસંગીતિ અને અશોકના રાજયકાળનો નિર્દેશ કરીને પરિસમાપ્ત થાય છે.

સૌન્દરનંદમાં ૧૮ સર્ગ છે. તેમાં બુદ્ધના ભાઈ સૌન્દરનંદ બૌદ્ધધર્મમાં પ્રવજિત થાય છે તેની કથા છે.

સારિપુત્ર પ્રકરણ નાટયગ્રંથ છે. તેમાં ૯ અંક છે. તેમાં સારિપુત્ર અને મૌદ્ગલ્યાયન બૌદ્ધધર્મમાં દીક્ષિત થાય છે તેનું આલેખન છે.

• અવદાન સાહિત્ય :

અવદાન (પાલિ-અપદાન)નું તાત્પર્ય છે. લોકકથાઓના માધ્યમથી ધાર્મિક સિદ્ધાંતોને અભિવ્યક્ત કરનારું સાહિત્ય. * તેની વિસ્તૃત સીમાઓમાં પારમિતાઓનો અભ્યાસ પણ સમાવિષ્ટ થઈ જાય છે. પાલિ સાહિત્યમાં જે સ્થાન પણ સમાવિષ્ટ થઈ જાય છે. પાલિ સાહિત્યમાં જે સ્થાન જાતકકથાઓનું છે, તે જ સ્થાન બૌદ્ધ સંસ્કૃત સાહિત્યમાં અવદાનકથાઓનું છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય કર્મ અને તેના ફળના સિદ્ધાંતની વ્યાખ્યા કરવાનો છે. કથાઓનું વિભાજન મુખ્યત્વે ત્રણ પ્રકારે મળે છે. અતીત, અનાગત અને પ્રત્યુત્પન્ન હીનયાન અને મહાયાનનું સંમિશ્રિત રૂપની પ્રસ્તુતતા અવદાન સાહિત્યની વિશેષતા છે. અવદાનશતક એ અવદાન સાહિત્યનો પ્રાચીનતમ ગ્રંથ હોવાનું મનાય છે. તેના દસ અધ્યાય છે અને તેમાં હીનયાન તથા મહાયાન સંબંધી કથાઓ ઉપલબ્ધ થાય છે. તેની કેટલીક કથાઓ અન્ય અવદાનગ્રંથોમાં પણ મળે છે.

'દિવ્યવદાન' પણ પણ મહત્ત્વનો અવદાન ગ્રંથ છે. જો કે તેમાં ભાષા, શૈલી અને વિષયવસ્તુની દૃષ્ટિએ સંવાદિતા ઓછી છે. વસ્તુતઃ તેનો સંબંધ મૂળ સર્વાસ્તિવાદીઓના વિનયપિટક સાથે વધારે છે.

તે ઉપરાંત કલ્પદ્રુમાવદાન, અશોકાવદાન, દ્રાવિંશત્યવદાન, બોધિસત્ત્વાદિઅવદાન, અવદાનકલ્પલતા વગેરે પણ નોંધપાત્ર ગ્રંથો છે. ક્ષેમેન્દ્ર કવિની અવદાનકલ્પલતા ગ્રંથનો ઉલ્લેખ પણ આવશ્યક છે.

સંસ્કૃતમાં રચાયેલા દાર્શનિક સાહિત્યમાં મુખ્યત્વે મહાયાની સૂત્રો અને યોગાચાર તથા વિજ્ઞાનવાદના ગ્રંથોને ગણાવી શકાય. મૈત્રેય, અસંગ, વસુબન્ધુ, નાગાર્જુન, દિગ્નાગ વગેરે આચાર્યોએ બૌદ્ધ દાર્શનિક સાહિત્ય વિપુલ પ્રમાણમાં રચ્યું હતું.

• જાતકકથાઓ :

અવદાનકથાઓની સાથે જ પાલિ સાહિત્યમાં જાતકકથાઓનું સ્થાન અનેરું છે. મૂળ પાલિ ભાષામાં લખાયેલી ૫૪૭ જેટલી જાતકકથાઓને આધારરૂપ બનાવીને બૌદ્ધ કવિ આર્યશુરે 'જાતકમાલા' ગ્રંથની રચના કરી છે જેમાં ૩૪ જાતકકથાઓ સરળ સંસ્કૃતમાં લખાયેલ છે.

• આચાર્ય કુમારલાત :

આચાર્ય કુમારલાત સૈદ્ધાંતિક મનના પ્રતિષ્ઠાપક આચાર્ય હોવાનું મનાય છે.

હ્યુ.એન.ત્સાંગે પણ તેમનો ઉલ્લેખ સૈદ્ધાન્તિક મનના સંસ્થાપક તરીકે કર્યો છે, તે તક્ષશિલાના નિવાસી હતા. ત્યાંથી કવન્ધદેશમાં તે ગયા ત્યાંના રાજાએ તેમને રહેવા માટે પોતાના જ મહેલનો એક રમણીય ભાગ આપેલો. કુમારલાતે ત્યાં રહીને જ પોતાના ગ્રંથોની રચના કરી. અશ્વઘોષ, દેવ, નાગાર્જુન અને કુમારલાતની નામના 'ચાર પ્રકાશમાન સૂર્ય' તરીકેની હતી.તે નાગાર્જુનના સમકાલીન હોવાનું મનાય છે. તેમના વિપુલ પ્રભાવ અને અલૌકિક વિદ્વતાનો પરિચય તેમના ગ્રન્થોમાંથી મળે છે.

તેમનો એક માત્ર ગ્રંથ ‘કલ્પનામંડતિકા’ દષ્ટાન્ત પંક્તિ (અર્થાત્ કવિકલ્પનાથી અલંકૃત દૃષ્ટાન્તોનો સમૂહ) – ડૉ. લૂડર્સને હસ્તપ્રતરૂપે મળ્યો હતો. તેમણે તેનું સંપાદન કર્યું હતું. તે ગ્રંથનું ‘કલ્પનાલંકૃતિકા’ એવું નામ પણ મળે છે. આ ગ્રંથ જાતક તથા અવદાનની માફક બૌદ્ધધર્મનો પરિચય આપનાર ધાર્મિક તથા મનોરંજક આખ્યાયિકાઓનો સરસ સંગ્રહ છે. ગદ્ય-પદ્યમાં રચાયેલા આ ગ્રંથની ભાષા વિશુદ્ધ સાહિત્યિક સંસ્કૃત છે. કથાઓ ગદ્યમાં છે પણ સાથે સાથે આર્યા, વસંતતિલકા આદિ છંદોમાં સુન્દર શ્લોકો પણ ગ્રંથી લેવામાં આવ્યા છે. આ ગ્રંથ બૌદ્ધધર્મની કથાઓની દષ્ટિએ અને સાહિત્યિક દષ્ટિએ તો મહત્ત્વનો છે જ, પણ તે સાથે તત્કાલીન સંસ્કૃતિનું ઉજ્જવળ ચિત્ર પણ તેમાંથી મળે છે.

કુમારલાત મુલાચાર્યના નામથી પણ વિખ્યાત હતા. તેમના શિષ્ય શ્રીલાત પણ વિદ્વાન આચાર્ય હતા.

• **मैत्रेयनाथ** :

યોગાચાર કે વિજ્ઞાનવાદના પ્રસ્થાપક મૈત્રેયનાથ હોવાનું મનાય છે. એક એવી માન્યતા હતી કે તે દૈવી પુરુષ હતા અને આચાર્ય અસંગે તેમની પાસેથી યોગાચારનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. પરંતુ કેટલાક સંશોધનો બાદ તે ઐતિહાસિક વ્યક્તિ હોવાનું નિશ્ચિત થયું છે તે અસંગના ગુરૂ હતા. અસંગ પહેલાં હીનયાનના અનુયાયી હતા પણ મૈત્રેયનાથ પાસેથી તેમણે મહાયાનની શિક્ષા મેળવી.

મૈત્રેયનાથે સૂત્રાલંકાર, મધ્યાન્તવિભંગ, ધર્મધર્મતાવિભંગ, મહાયાન ઉત્તરતન્ત્રશાસ્ત્ર તથા અભિસમયાલંકારકારિકા – તેને પ્રજ્ઞાપારમિતોપદેશશાસ્ત્ર પણ કહે છે. વગેરે ગ્રંથોની રચના કરી છે.

મૈત્રેયના ગ્રંથ પજ્ઞાપારમિતા પર આધારિત છે. તેમનો સમય ત્રીજી-ચોથી શતાબ્દીનો માનવામાં આવે છે.’અભિસમયાલંકારિકા’ તેમનો મહત્ત્વનો ગ્રંથ છે. તેનો વિષય પ્રજ્ઞાપારમિતા અથવા નિર્વાણપ્રાપ્તિનો માર્ગ છે. નિર્વાણના સિદ્ધાન્તના પ્રતિપાદનમાં આ ગ્રંથ અદ્વિતીય માનવામાં આવે છે. તેમાં આઠ પરિચ્છેદ છે. અને તેમાં ૭૦ વિષયોનું નિરૂપણ છે. સંસ્કૃત તથા તિબેટીભાષામાં તેના ઉપર લખાયેલી કુલ ૨૧ ટીકાઓ મળે છે. તેને આધારે તેનું

મહત્ત્વ સમજી શકાય છે. કારિકાઓ અત્યંત સંક્ષિપ્ત અને સૂત્રાત્મક હોવાથી તે સમજવામાં દુર્બોધ છે. યોગાચારની ધાર્મિક રહસ્યવાદની જાણકારી માટે આ ગ્રંથ નિતાન્ત ઉપોદય છે. તિબેટમાં આ ગ્રંથનું અધ્યયન અને અનુશીલન આજે પણ થાય છે.

• અસંગ :

અસંગ મૈત્રેયનાથના શિષ્ય હતા. તેથી તેમનો સમય પણ ત્રીજી-ચોથી શતાબ્દીનો જ હતો એમ કહીં શકાય. તેમનો જન્મ પેશાવરમાં એક બ્રાહ્મણકુળમાં થયો હતો. પ્રારંભમાં તે સર્વાસ્તિવાદી હતા, પણ મૈત્રેયનાથ પાસેથી તેમણે મહાયાનમાં દીક્ષા લીધી.

અસંગે યોગાચારભૂમિશાસ્ત્ર, મહાયાનસૂત્રાલંકાર તથા તેની વૃત્તિ, પંચભૂમિ, અભિધર્મસમુચ્ચય, મહાયાનસંગ્રહ, મહાયાનસંપરિગ્રહ (તેનો અનુવાદ પરમાર્થે ઈ.સ. ૫૬૩માં ચીની ભાષામાં કર્યો હતો.), પ્રકરણ આર્યવાચા, મહાયાનાભિધર્મ, સંગીતિશાસ્ત્ર (હ્યુ.એન.ત્સાંગે ઈ.સ. ૬૨૫માં તેનો અનુવાદ ચીની ભાષામાં કર્યો હતો.) તથા વજચ્છેદિકાવૃત્તિની રચના કરી.

આર્ય અસંગને તેમના ગ્રંથોને કારણે તેમના ગુરુ મૈત્રેયનાથ કરતાં પણ વધુ પ્રસિદ્ધિ મળી. તેમનું વ્યાપક પાંડિત્ય અને અલૌક્કિ પ્રતિભા તેમના ગ્રંથોમાં સર્વત્ર પરિલક્ષિત થાય છે. એમનું પૂરું નામ 'વસુબંધુ અસંગ' હતું. આચાર્ય વસુબંધના તે જયેષ્ઠ ભ્રાતા હતા. વિજ્ઞાનવાદની પ્રસિદ્ધિ, પ્રતિષ્ઠા તથા પ્રભુત્વનું શ્રેય આર્ય અસંગને ફાળે જાય છે. તેમના ગ્રંથોનો અનુવાદ ચીની ભાષામાં પણ થયો છે.

તેમના ગ્રંથોમાં 'યોગાચાર ભૂમિશાસ્ત્ર' મહત્ત્વનો ગ્રંથ છે. આ ગ્રંથ ખૂબ મોટો છે તેમાં વિસ્તૃત રીતે વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેમાં યોગાચાર નામથી જે પ્રસિદ્ધિ મળી, તેનું કારણ આ ગ્રંથ છે. રાહુલ સાંકૃત્યાયનના પ્રયાસથી આ સંપૂર્ણ ગ્રંથ ઉપલબ્ધ થઈશક્યો છે, તેના પરિચ્છેદોને 'ભૂમિ' નામ આપવામાં આવ્યું છે. ગ્રંથની ૧૭ ભૂમિઓનાં નામ આ પ્રમાણે છે : વિજ્ઞાનભૂમિ, મનોભૂમિ, સવિર્તક-સવિચારા ભૂમિ, અસમાહિતાભૂમિ, સચિત્તકાભૂમિ, અચિત્તકાભૂમિ, શ્રુતલયીભૂમિ, ચિન્તામયીભૂમિ, ભાવનામયીભૂમિ, શ્રાવક ભૂમિ, પ્રત્યેકબુદ્ધભૂમિ, બોધિસત્વભૂમિ, સોપધિકાભૂમિ અને નિરુપધિકાભૂમિ, આ ગ્રંથમાં વિજ્ઞાનવાદના સિદ્ધાંતોનું વિશદ્ નિરૂપણ છે.

અસંગનો બીજો મહત્ત્વનો ગ્રંથ 'મહાયાન સૂત્રાલંકાર' પણ વિદ્વાનોમાં વિશેષ પ્રસિદ્ધ છે. તેમાં ૨૧ અધિકાર કે પરિચ્છેદ છે. તેમાં મૈત્રેયનાથની કારિકાઓ છે. તેના ઉપર અસંગે ટીકા લખી છે. વિજ્ઞાનવાદનો આ નિતાન્ત મૌલિક ગ્રંથ છે, જેમાં મહાયાન સૂત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

• વસુબંધુ :

વસુબંધુ અસંગના અનુજ હતા. તેમનો જન્મ ગાન્ધારના પુરુષપુરનગરમાં કૌશીકગોત્રીય એક બ્રાહ્મણકુળમાં થયો હતો.

પ્રારંભમાં તે વૈભાષિક હતા. કાશ્મીરના વૈભાષિક નયના અનુયાયી હતા ત્યારે તેમણે 'અભિધર્મકોશ'ની રચના કરી હતી. તેને બૌદ્ધ ધર્મનો વિશ્વકોશ પણ માનવામાં આવે છે. તેના ચીની અને તિબેટી અનુવાદ પણ મળે છે. ત્યાર બાદ જયેષ્ઠબંધુ અસંગના પ્રભાવથી મહાયાનની દીક્ષા લીધી. તેઓ સમુદ્રગુપ્તના પુત્ર સમ્રાટ ચંદ્રગુપ્ત દ્વિતીયના શિક્ષક હતા, એ આધારે તેમનો સમય ઈ.સ.ની ચોથી સદીનો ઉત્તરાર્ધ હોવાનું પણ માનવામાં આવે છે. તે અતિ પ્રભાવશાળી વ્યક્તિ હતા. હીનયાન અને મહાયાન બંનેના સિદ્ધાંતોમાં તેમની સમાન ગતિ હતી. તત્ત્વશાસ્ત્ર અને તર્કશાસ્ત્રનું તેમનું જ્ઞાન પણ ગહન હતું. તેમની રચનાઓ દ્વારા તેમના પ્રચુર પાંડિત્યનો પરિચય મળે છે.

વસુબંધુએ વિજ્ઞપ્તિમાત્રતા સિદ્ધિ (વંશતિકા તથા ત્રિંશિકા), વિશંતિકાસ્વવૃત્તિ, ત્રિસ્વભાવનિર્દેશ, અભિધર્મકોશ, વાદવિધિ, વાદમાર્ગ (વાદ વિધાન) તથા વાદહૃદય (વાદકૌશલ)ની રચના કરી છે.

વસુબંધુના પાંડિત્ય અને પરમાર્થ વૃત્તિનો પરિચય યશોમિઝના આ કથન દ્વારા મળે છે : "વસુબંધુએ પરમાર્થને માટે શાસ્ત્રની રચના કરીને સ્વયં શાસ્ત્રના કાર્યનું સંપાદન કર્યુ છે. તેમને 'દ્વિતીય બુદ્ધ' તરીકે પણ વિદ્વાન ઓળખતા હતા. વસુબંધુએ પોતાના 'અભિધર્મક્રોશ' દ્વારા તિબેટ, ચીન, જાપાન તથા મંગોલિયા વગેરે દેશોમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર પ્રસાર કર્યો હતો. તે એક મહત્ત્વની ઘટના છે.

અભિધર્મકોશ વસુબંધુનો સર્વશ્રેષ્ઠ અને નોંધપાત્ર ગ્રંથ છે. તેમાં અભિધર્મના પ્રત્યેક વિષયનું સંક્ષેપમાં વર્ણન છે. વૈભાષિક મતનાં અનુયાયીઓ માટે તે વધારે મહત્ત્વનો ગ્રંથ છે. સર્વાસ્તિવાદીઓ માટે પણ મુખ્ય આધારરૂપ ગ્રંથ છે પણ એના વ્યાપક અને ચિંતનમૂલક દષ્ટિકોણને કારણે આ કોશ બૌદ્ધદર્શનના દરેક સંપ્રદાય માટે માર્ગદર્શક અને પ્રમાણભૂત છે. ચીન અને જાપાનમાં પણ આ ગ્રંથનો ઘણો આદર થયો છે.

આ ગ્રંથ આઠ પરિચ્છેદોમાં વિભક્ત છે. પરિચ્છેદોના નામ વિષયને અનુલક્ષીને આપવામાં આવ્યાં છે : (૧) ધાતુનિર્દેશ, (૨) ઈન્દ્રિયનિર્દેશ, (૩) લોકધાતુનિર્દેશ, (૪) કર્મનિર્દેશ, (૫) અનુશયનિર્દેશ, (૬) આર્ય પુદ્ગલનિર્દેશ, (૭) જ્ઞાનનિર્દેશ તથા (૮) ધ્યાનનિર્દેશ. કુલ છસો કારિકાઓ બૌદ્ધધર્મના સિદ્ધાંતોનો મર્મ તેમાં રજૂ કરવામાં આવ્યો છે. પણ તે સૂત્રાત્મક હોઈ તેમાં તાત્પર્યાર્થીને પ્રગટ કરવા તેના ઉપર અનેક ભાષ્યો અને વ્યાખ્યાઓ રચાયાં છે.

• આર્યદેવ :

નાગાર્જુનના શિષ્ય આર્યદેવ પણ પ્રસિદ્ધ શાસ્ત્રકાર હતા. તે દેવ, કાણદેવ અથવા નીલનેત્રને નામે પણ ઓળખાય છે. હ્યુએનસંગના મતે તે સિંહલ દેશથી આવ્યા હતા.

કુમારજીવે તેમની જીવનકથાનો અનુવાદ ચીની ભાષામાં કર્યો હતો. તેમનો પ્રસિદ્ધ ગ્રંથ ચતુઃશતક છે. તેમાં ૪૦૦

કારિકાઓ છે. તેમના અન્ય ગ્રંથો ચિત્તવિશુદ્ધિપ્રકરણ અને મુષ્ટિપ્રકરણ છે. તેમનો સમય ઈ. ૨૦૦થી ઈ. ૨૨૪ની આસપાસનો માનવામાં આવે છે. તેઓ નાગાર્જુનના શિષ્ય હતા. તેમણે વિવિધ શાસ્ત્રો અને સમગ્ર આસ્તિક તથા નાસ્તિક દર્શનોના અભ્યાસ કર્યો હતો. ઈ.સ. ૪૦૫ની આસપાસ ચીની યાત્રી કુમારજીવે તેમનું જીવનચરિત્ર લખ્યું હતું.

બુસ્તોનના મતાનુસાર તેમણે દસ ગ્રંથો લખ્યા હતા, જેમાંના પ્રથમ ચાર ગ્રંથ શૂન્યવાદના પ્રતિપાદનના અને અન્ય છ ગ્રંથ તંત્રશાસ્ત્રના વિષયના છે. તે આ પ્રમાણે છે.

૧. ચતુઃશતક, ૨. માધ્યમિક હસ્તબાલ પ્રકરણ, ૩. પ્રભયનયુક્તિ હેતુશિદ્ધિ, ૪. જ્ઞાનસાર સમુચ્ચય, ૫. ચર્યોમેલાયન પ્રદીપ, ૬. ચિત્તાવરણવિશોધન, ૭. ચતુઃપીઠ તંત્રરાજ, ૮. ચતુઃપીઠસાધન, ૯. જ્ઞાનડાકિનીસાધન અને ૧૦. એકદ્રુમપંજિકા.

• **शान्तरक्षित** :

શાન્તરક્ષિત આઠમી સદીમાં તત્ત્વસંગ્રહ નામના ગ્રંથની રચના કરી છે તે ગ્રંથ કમલશીલની ટીકા સાથે પ્રકાશિત થયો છે. તેમાં સૌત્રાંતિક યોગાચારની દૃષ્ટિ એ બૌદ્ધ તથા અન્ય દાર્શનિક મતોનું ખંડન કર્યું છે. શાન્તરક્ષિત નાલંદાથી તિબેટ ગયા હતા. ત્યાં તેમણે 'સમ્મે' નામના સંઘારામની સ્થાપના ઈ.સ. ૭૪૯માં કરી હતી. તેમનું મૃત્યુ તિબેટમાં ૭૬૨માં થયું હતું.

• દિગ્નાગ :

વસુબંધુના શિષ્ય દિગ્નાગ મધ્યકાલીન ભારતીય તર્કશાસ્ત્રના પિતા કહેવાય છે. તે દક્ષિણના કાંજીપુરના સમીપવર્તી સિંહચક્ર ગામમાં એક બ્રાહ્મણ પરિવારમાં જન્મ્યા હતા. તેમનો સમય ઈ.સ. ૪૪૫ થી ૪૪૭ની વચ્ચે મૂકી શકાય તેમ વિદ્વાનો માને છે.

તેમના ગ્રંથો નીચે મુજબ છે. તેમાં પ્રમાણસમુચ્ચય ઉત્તમ ગ્રંથ મનાય છે.

૧. પ્રમાણસમુચ્ચય :

તેમનો સૌથી મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. આ સંસ્કૃતમાં અનુષ્ટુપ છંદમાં લખવામાં આવ્યો હતો. પરંતુ દુઃખની વાત એ છે કે તેનું મૂળ સંસ્કૃત ઉપલબ્ધ નથી. હેમવર્મા નામના એક ભારતીય પંડિતે એક તિબ્બતીય વિદ્વાનના સહયોગથી આ ગ્રંથનો તિબ્બતીય ભાષામાં અનુવાદ કર્યો હતો. આ ગ્રંથમાં છ પરિચ્છેદ છે. જેમાં ન્યાયશાસ્ત્રના સમસ્ત સિદ્ધાંતોનું વિશદ્ પ્રતિપાદન છે. એનો વિષયક્રમ આ મુજબ છે.

(૧) પ્રત્યક્ષ, (૨) સ્વાર્થાનુમાન, (૩) પરાર્થાનુમાન, (૪) હેતુદષ્ટાંત, (૫) અપોહ (૬) જતિ.

૨. પ્રમાણ સમુચ્ચયવૃત્તિ :

આ ગ્રંથનું મૂળ સંસ્કૃત નથી મળતુ તિબ્બતીય અનુવાદ ઉપલબ્ધ છે.

3. न्याय-प्रवेश :

આચાર્ય દિગુનાગનો આ એક જ ગ્રન્થ છે જે મૂળ સંસ્કૃતમાં ઉપલબ્ધ થયો છે. આ ગ્રન્થના રચયિતાના સંબંધમાં વિદ્વાનોમાં

મતભેદ છે. કેટલાક લોકો તેને દિગ્નાગના શિષ્ય 'શંકરસ્વામી'ની રચના બતાવે છે. પરંતુ વાસ્તવમાં તો દિગ્નાગની જ કૃતિ છે, તેમાં સંદેહને સ્થાન નથી.

૪. હેતુચક્ડમરૂ :

આ ગ્રંથનું બીજું નામ 'હેતુચક્રનિર્ણય' છે. તેમાં નવ પ્રકારના હેતુઓનું સંક્ષિપ્ત વર્ણન છે. અત્યાર સુધી આ ગ્રંથનો તિબ્બતીય અનુવાદ જ મળતો હતો. પરંતુ દુર્ગાચરણ ચેટર્જીએ આ ગ્રંથનું સંસ્કૃતમાં પુનાનિર્માણ કર્યું છે. એને જોવાથી માલુમ પડે છે કે 'જહોરૂ' નામક સ્થાપના 'બોધિસત્ત્વ' નામના કોઈ વિદ્વાને ભિક્ષુ ધર્માશોકની સહાયતાથી તિબ્બતી ભાષામાં આનો અનુવાદ કર્યો હતો.

૫. પ્રમાણશાસ્ત્રન્યાયપ્રવેશ :

આ ગ્રંથનો અનુવાદ તિબ્બતી તથા ચીની ભાષામાં મળે છે.

૬. આલમ્બન પરીક્ષા :

૭. આલમ્બનપરીક્ષાવૃત્તિ :

આ આલમ્બન પરીક્ષાની ટીકા છે.

૮. ત્રિકાલ પરીક્ષા :

આના મૂળ સંસ્કૃતની માહિતી નથી પરંતુ તિબ્બતી ભાષામાં આ ગ્રંથનો અનુવાદ મળે છે.

૯.ધર્મપ્રદોષવૃત્તિ :

દિગ્નાથના ગુરૂ આચાર્ય વસુબંધુના 'અભિધર્મકોશ'ની ટીકા છે. સંસ્કૃત મૂળની માહિતી નથી. તિબ્બતીય અનુવાદ મળે છે.

બૌદ્ધન્યાયને સુવ્યવસ્થિત કરવામાં દિગ્નાગનો ફાળો બહુ મોટો હોય છે. એમના પહેલાં ગૌતમ તથા વાત્યાયનો પરાર્થોનુમાનના માટે 'પ. જજાવયવ' વાક્યનું વર્ણન કર્યું હતું. પરંતુ આ મતનું ખંડન કરીને દિઙ્નાગે એ બતાવ્યું છે કે ત્રણ અવયવોથી કામ ચાલી શકે છે. પ્રત્યક્ષ અનુમાનના જે લક્ષણ ગૌતમ તથા વાત્સ્યાયને આપ્યાં હતાં તેનું ખંડન અને દિગ્નાગના સિદ્ધાંતોનું ખંડન કરવાને માટે 'ન્યાયવાર્તિક' જેવા પ્રૌઢ ગ્રંથની રચના કરવી પડી. મીમાંસક-મૂર્ધન્ય કુમારિલ ભટ્ટ પણ દિગ્નાગની ઉક્તિઓનું વિસ્તારથી 'શ્લોક-વાર્તિક'માં ખંડન કર્યું છે. બ્રાહ્મણ દાર્શનિકો દ્વારા કરવામાં આવેલ આ પ્રચંડ આક્રમણને જોઈને તેની અલૌકિક મહત્તાને ભલીભાંતિ સમજી શકાય છે. દિગ્નાગ બૌદ્ધન્યાયના વિદ્વાન પ્રતિષ્ઠાપક છે, જેમણે વિજ્ઞાનવાદના સમર્થન માટે અભિનવ સિદ્ધાંતોની ઉદ્ભાવના કરી, બૌદ્ધન્યાયને સ્વતંત્ર રૂપથી પ્રતિષ્ઠિત કર્યો.

• **<u>धर्मकीर्ति</u>**:

ધર્મકીર્તિ પોતાના સમયના તર્કનિષ્ણાત દાર્શનિક હતા અને બૌદ્ધ ન્યાયને પ્રચલિત કરવાનું શ્રેય તેમને આપવામાં આવે છે. જયન્ત ભટ્ટે ન્યાયમંજરીમાં ધર્મકીર્તિના સિદ્ધાંતોની તીક્ષ્ણ આલોચના કરી હોવા છતાં પણ એમને 'સુનિપુણબુદ્ધિ' તથા એમના પ્રયત્નને 'જગતભિભવધીર' માન્યો છે.

એમનો જન્મ ચોલદેશના 'તિરૂમલઈ' નામના ગામમાં એક બ્રાહ્મણકુળમાં થયો હતો. તિબ્બતીય પરંપરા અનુસાર તેમના

પિતાનું નામ પોરૂનંદ હતું. તેમને કુમારિલ ભટ્ટના ભાણિયા તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ આ વાતની સત્યતા માટે સંદેહ છે. ધર્મકીર્તિએ કુમારિલના સિદ્ધાંતોનું ખંડન તથા કુમારિલે ધર્મકીર્તિના સિદ્ધાંતોનું ખંડન કર્યું છે. એનાથી માલુમ થાય છે કે બન્ને સમકાલીન હતા. ધર્મકીર્તિની પ્રતિભા વિલક્ષણ હતી. બ્રાહ્મણ દર્શનોનું અધ્યયન કરવા માટે એમણે કુમારિલના ઘેર સેવકનું પદ ગ્રહણ કર્યું એવું સાંભળવા મળે છે. નાલન્દાના પીઠસ્થવિર ધર્મપાલના શિષ્ય બનીને તે ભિક્ષુસંઘમાં પ્રવિષ્ટ થયા. દિગ્નાગની શિષ્ય પરંપરાના આચાર્ય ગ્રંથમાં ધર્મકીર્તિનો ઉલ્લેખ કર્યો છે. ધર્મપાલના શિષ્ય શીલભદ્ર નાલંદાના તે સમયે પ્રધાન આચાર્ય હતા જ્યારે હ્યુએનસાંગ ત્યા અધ્યયન માટે આવ્યા હતા.

ग्रंथ:

ધર્મકીર્તિના ગ્રંથ બૌદ્ધ પ્રમાણશાસ્ત્ર પર છે. તેની સંખ્યા નવ છે. જેમાં સાત મૂળ ગ્રંથ છે અને બે પોતાના જ ગ્રંથ પર લખેલી તેમની વૃત્તિઓ છે.

૧. प्रमाणवार्तिक:

આ ગ્રંથમાં લગભગ ૧૫૦૦ શ્લોક છે. ધર્મકીર્તિનો આ સર્વશ્રેષ્ઠ ગ્રંથ છે. આ ગ્રંથ અત્યાર સુધી મૂળ સંસ્કૃતમાં અપ્રાપ્ત હતો પરંતુ રાહુલ સાંસ્કૃત્યાયને ઘણા પરિશ્રમથી તિબેટથી તેની શોધ કરીને પ્રાપ્ત કરીને પ્રકાશિત કર્યો છે. તેના ઉપર ગ્રંથકારે સ્વયં પોતાની ટીકા લખી છે. તેના સિવાય દશ બીજી ટીકાઓ તિબેટી ભાષા તથા સંસ્કૃતમાં મળે છે. જેમાં માત્ર મનોરથ નન્દીની વૃત્તિ પ્રકાશિત થઈ છે. આ ગ્રંથમાં ચાર પરિચ્છેદ છે. પહેલામાં સ્વાર્થાનુમાન, બીજામાં પ્રમાણસિદ્ધિ, ત્રીજામાં પ્રત્યક્ષ પ્રમાણ અને ચોથામાં પરાર્થાનુમાનનું વર્ણન છે.

૨. प्रमाशविनिश्चय : આ ગ્રંથમાં ૧૩૪૦ શ્લોક છે. આ મૂળ સંસ્કૃતમાં ઉપલબ્ધ નથી.

3. न्यायणिन्छु : ધર્મકીર્તિનો આ પ્રસિદ્ધ ગ્રંથ છે. બૌદ્ધ ન્યાય તેનો વિષય છે. ગ્રંથસૂત્ર રૂપમાં છે તેના ઉપર ધર્મોત્તરાચાર્યની ટીકા પ્રકાશિત છે. આ ગ્રંથમાં ત્રણ પરિચ્છેદ છે પહેલા પરિચ્છેદમાં પ્રમાણના લક્ષણ તથા પ્રત્યક્ષના ભેદોનું વર્ણન છે. બીજા પરિચ્છેદમાં અનુમાનના બે પ્રકાર સ્વાર્થ અને પરાર્થનું વર્ણન છે. સાથે સાથે હેત્વાભાસનું વર્ણન છે. તૃતીય પરિચ્છેદમાં પરાર્થાનુમાનનો વિષય છે. તથા તત્સંબંધી અનેક વિષયોનું વિવરણ છે.

૪. सम्णन्धपरीक्षा :

આ ઘણો નાનો ગ્રંથ છે. આના ઉપર ધર્મકીર્તિએ વૃત્તિ લખી હતી જે મૂળ ગ્રંથની સાથે તિબેટીય અનુવાદમાં ઉપલબ્ધ છે.

૫. हेतुबिन्दु :

આ ન્યાયપરક ગ્રંથ પરિમાણમાં ન્યાયબિન્દુની આગળ છે. આ ગ્રંથ સંસ્કૃતમાં ઉપલબ્ધ છે, પરંતુ આજ સુધી છપાયો નથી.

૬. सन्तानान्तर सिद्धि :

આ નાનો ગ્રંથ છે. જેમાં ૭૨ સૂત્ર છે. આમાં ગ્રંથકારે એ સિદ્ધ કર્યું છે તથા અન્તમાં

બતાવ્યું છે કે કયા પ્રકારે મનોવિજ્ઞાનના સન્તાન દશ્ય-જગતની ઉત્પત્તિ કરે છે.

ધર્મકીર્તિ શિષ્ય પરંપરા ઘણી લાંબી છે. જેની અન્તર્મુખ થવાવાળા પંડિતોએ બૌદ્ધદર્શનનો પોતાના ગ્રંથોની સહાયતાથી વિશેષ પ્રચાર અને પ્રસાર કર્યો. પરંતુ તેમનો વિશેષ પરિચય અહીં નથી અપાયો.

• આચાર્ય નાગાર્જુન :

આચાર્ય નાગાર્જુનના સમય વિશે અનેક મતમતાંતર છે. રાજતરંગિણી અનુસાર તે કર્નિષ્કના સમયમાં થયા હતા. કુમારજીવ તેમનો સમય ઈ.સ. ૪૦૫ની આજુબાજુ બતાવે છે અને તેમનો જન્મ દક્ષિણ ભારતમાં બ્રાહ્મણકુળમાં થયો હતો. તે જયોતિષ, આયુર્વેદ વગેરે વિદ્યાઓમાં પણ નિપુણ હતા.

શૂન્યવાદના પ્રતિષ્ઠાપક આચાર્ય હતા. તેમનો જન્મ વિદર્ભમાં એક બ્રાહ્મણને ત્યાં જન્મ્યા હતા. તેમના જીવન વિશે વિવિધ દંતકથાઓ સાંભળવા મળે છે. તેમને આન્ધ્ર રાજા ગૌતમીપુત્ર યજ્ઞશ્રીના સમકાલીન માનવામાં આવે છે.

નાગાર્જુનના નામથી આમ તો ઘણા ગ્રંથો પ્રસિદ્ધ છે. પરંતુ નીચે લખેલા ગ્રંથ તેમની વાસ્તવિક કૃતિઓ છે.

૧. માધ્યમિક કારિકા : આચાર્યની આ પ્રધાન રચના છે. જેનું બીજું નામ માધ્યમિક શાસ્ત્ર પણ છે. જેમાં ૨૭ પ્રકરણ છે. તેમની સત્ત્વશાળી વૃત્તિઓમાં ભવ્યકૃત 'પ્રજ્ઞાદીપ' તથા 'ચંદ્રકીર્તિ' વિરચિત 'પ્રસન્નપદા' પ્રસિદ્ધ છે.

૨. યુક્તિ ષષ્ઠિકા : તેના કેટલાક શ્લોક બૌદ્ધગ્રંથોમાંથી ઉદધૃત કરેલા છે.

3. પ્રમાણવિધ્વંસન અને

૪. ઉપાય કૌશલ્ય : આ બંને ગ્રંથોનો વિષય તર્કશાસ્ત્ર છે. પ્રમાણનું ખંડન પ્રાપ્ત કરવાને માટે જાતિ, નિગ્રહસ્થાન આદિ સાધનોનું વર્ણન ચોથા ગ્રંથમાં કરવામાં આવ્યું છે. આ અંતિમ ત્રણે ગ્રંથ મૂળ સંસ્કૃતમાં ઉપલબ્ધ નથી.

૫. વિગ્રહ વ્યાવર્તની : આ ગ્રંથમાં શૂન્યતાનું ખંડન કરવાવાળી યુક્તિઓની નિઃસારતા બતાવીને શૂન્યવાદનું ખંડન કરવામાં આવ્યું છે. તેમાં ૭૨ કારિકાઓ છે. આરંભની ૨૦ કારિકાઓમાં શૂન્યવાદમાં વિરોધીઓનો પૂર્વપક્ષ છે તથા અંતિમ પર કારિકાઓમાં ઉત્તર પક્ષ પ્રતિપાદિત કરવામાં આવ્યો છે.

૬. સુહલ્લેખ : આ ગ્રંથનું મૂળ સંસ્કૃત ઉપલબ્ધ નથી. માત્ર તિબેટી અનુવાદ મળે છે. તેમાં નાગાર્જુને પોતાના સુહૃદ યજ્ઞશ્રી શાતવાહનને પરમાર્થે તથા વ્યવહારની શિક્ષા આપી છે.

૭ चतुःस्तव : આ ચાર સ્તોત્રોનો સંગ્રહ છે. જેના નામ નિરૂપમસ્તવ, અચિન્તવ, સ્તવ, લોકાતીત સ્તવ તથા પરમાર્થ સ્તવ. એમાં આદિ અને અંતવાળા સ્તોત્ર જ મૂળ સંસ્કૃતમાં ઉપલબ્ધ થયા છે, અન્ય બેનો માત્ર તિબેટી અનુવાદ મળે છે. તે અત્યંત રમણીય છે.

તારાનાથના મતાનુસાર અંતિમ મહાયાનસૂત્ર શતસહસ્ત્રિકા

પ્રજ્ઞાપારમિતાશાસ્ત્રના રચયિતા નાગાર્જુન છે. તે ઉપરાંત શૂન્યતાસપ્તતિ, પ્રતીત્યસમુત્પાદ હૃદય, મહાયાનવિંશક વગેરે ગ્રંથો પણ તેમના નામે છે.

♦ શાંતિદેવાચાર્ય :

આચાર્ય શાંતિદેવના સંબંધમાં ઘણી ઓછી માહિતી મળે છે. સંભવતઃ તે સાતમી શતાબ્દીમાં વિદ્યમાન હતા. લામા તારાનાથના મતાનુસાર તે ગુજરાતના કોઈ રાજાના પુત્ર હતા. કેટલોક સમય તે પંચસિંહરાજાના મંત્રી તરીકે રહ્યા હતા. અંતમાં તે ભિક્ષુ થયા હતા. તેમના ગુરૂનું નામ જયદેવ હતું. જયદેવ નાલંદાના પીઠસ્થવિર ધર્મપાલના ઉત્તરાધિકારી હતા.

મહામહોપાધ્યાય હરિપ્રસાદ શાસ્ત્રીએ નેપાળથી પ્રાપ્ત ત્રણ તાડપત્રોના આધારે ઇન્ડિયન એન્ટિક્વેરી (**Indian Antiquery** 42, 1913, **Page** 49-55) માં લખેલા નિબંધ અનુસાર શાંતિદેવના પિતાનું નામ મંજુવર્મા હતું. નાલંદામાં તે એક કુટિર બનાવીને રહેતા હતા. અત્યંત શાંત હોવાના કારણે તેમનું નામ શાંતિદેવ હતું. તેઓ 'ભુસુક' નામની સમાધિમાં લીન રહેતા હતા. તેથી તેમનું અપર નામ ભુસુક પણ હતું. ચર્યાગીતોમાં ભુસુકનું પદ છે. તેમના વિશેનું એક ઉપાખ્યાન પણ એમાં છે.

શાંતિદેવાચાર્યની ત્રણ કૃતિઓ ઉલ્લેખિત છે. ૧. શિક્ષા સમુચ્ચય, ૨. સૂત્રસમુચ્ચય, ૩. બોધિચર્યાવતાર. આ ત્રણ કૃતિઓમાંથી બે જ કૃતિઓ પ્રાપ્ત છે: શિક્ષાસમુચ્ચય અને બોધિચર્યાવતાર.

શિક્ષાસમુચ્ચયમાં શાંતિદેવાચાર્યે ૨૭ કારિકાઓ દ્વારા મહાયાનની ધાર્મિક ચર્યાનું સ્વરૂપ રજૂ કર્યું છે, અને તે કારિકાઓની સાથે અનેક મહાયાની સૂત્રોનું ઉદ્ધરણ પણ આપ્યું છે. તે ઉદ્ધરણો અધ્યયન માટેનો અમૂલ્ય સંગ્રહ છે. તેમનો બીજો પ્રાપ્ય ગ્રંથ બોધિચર્યાવતાર. આ બંને ગ્રંથોના વિષયો સમાન છે. નિરુપણની શૈલીમાં જ ભિન્નતા છે.

'બોધિચર્યાવતાર' મહાયાન બૌદ્ધધર્મનો સંસ્કૃત ભાષામાં લખાયેલો મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. બોધિ એટલે જગત ઉદ્ધારક તત્વજ્ઞાન. તે માટે જે પ્રાણી પ્રયત્ન કરે છે તે બોધિસત્ત્વ. તેની ચર્યા એટલે આચરણને બોધિચર્યા કહે છે. તેની ચર્યામાં આવતા એટલે પ્રવેશ. તે બોધિચર્યાવતાર. અહીં તેનો અર્થ બોધિસત્ત્વના આચરણમાં પ્રવેશ કરી આપનાર ગ્રંથ. એવો થાય છે. આ ગ્રંથમાં દશ અધ્યાય છે અને લગભગ ૯૧૩ શ્લોકો છે. દશેય અધ્યાયોમાં પારમિતાઓનું નિરૂપણ છે. છેલ્લા અધ્યાયમાં ઉપસંહાર છે. પાલિભાષામાં દશ પારમિતાઓનું વર્ણન છે. અહીં છ પારમિતાઓનું વર્ણન જોવા મળે છે. બોધિચર્યાવતાર પર આચાર્ય પ્રજ્ઞાકરમતિએ 'પંજિકા' નામની વિસ્તૃત ટીકા લખી છે. તે સિવાય કૃષ્ણપકૃત 'દુરવબોધનિર્ણય', 'પરિણયનમન પંજિકા', (કેવળ નવમા અધ્યાયની ટીકા), નિવૃત્તિ પંજિકા સંસ્કાર તથા વૈરોચન દીક્ષિત કૃત 'પંજિકા' નામની ટીકાઓ મળે છે.

સંદર્ભ ગ્રંથ:

1. બૌદ્ધ ધર્મદર્શન, લે. આચાર્ય નરેન્દ્ર દેવ

2. ललितविस्तर – सं. डॉ. पी. एल. वैध, प्र. मिथिला विधापीठ, दरभंगा १९५८

3. संस्कृत साहित्य का नवीन इतिहास, कृष्ण चैतन्य, अनु. विनयकुमार राय

4. जातक (भाग-२ से ६), भदन्त आनन्द कौशल्यायन, हिन्दी साहित्य सम्मेलन, प्रयाग तृतीय संस्करण, सन् १६१२-१६९० ई.

5. जातकमाला आर्यशूर, संपा. सूर्यप्रकाश व्यास, चौखम्बा संस्कृत संस्थान, वाराणसी, वि.सं. २०६१.